# લવ - કુશ

પાત્રો : લવ, કુશ

પાંચ બાળકો : (લવકુશના મિત્રો)

રામની સેના : (બે ટુકડી - બંને ટુકડીમાં ઓછામાં ઓછા ૬ જેટલા સભ્યો)

અશ્વમેઘ યજ્ઞનો ઘોડો : (ઘોડાનું મહોરુ પહેરેલ બાળક)

ઝાડ : ઝાડના અભિનય માટે એક બાળક

સ્થળ : વાલ્મીકિ ઋષિનો આશ્રમ

<u>**જરૂરી સાધન સામગ્રી:**</u>

- લવકુશ તથા બાળ મિત્રો માટે (ધોતી)નો પહેરવેશ
- રામની સેના માટેનો પહેરવેશ
- બાણ, તીર જેવા શસ્ત્રો
- ઘોડાનું મહોરું (અશ્વમેઘ યજ્ઞના ઘોડા માટે)

  (પડદા પાછળથી એક વિદ્યાર્થી બોલશે)

એક સુંદર વન હતું. વનમાં વાલ્મીકી ઋષીના આશ્રમ નજીક લવ તથા અન્ય બાળકો રમતા હતા

(રમત રમી રહયા બાળકોમાંથી એક બાળક બોલશે)

પહેલું બાળક : કેટલો સુંદર ઘોડો છે?

બીજુ બાળક : અરે જુઓ આ તો અશ્વમેઘ યજ્ઞનો ઘોડો છે!

ત્રીજુ બાળક : તને કેમ ખબર પડી કે એ અશ્વમેઘ યજ્ઞનો જ ઘોડો છે?

બીજુ બાળક : અરે, જોતો નથી પાછળ સૈનિકો ચાલ્યા આવે છે.

(ઘોડા તથા સૈનિકોનો પ્રવેશ, ઘોડો બાળકો પાસે આવીને ઉભો રહે છે જયારે સૈનિકો થોડા દૂર ઉભા રહે છે અને વાતો કરે છે)

પહેલુ બાળક : આ ઘોડા પર તો કંઇક સંદેશો પણ છે!

(લવ ઘોડા પર ચોંટાડેલો સંદેશો વાંચે છે.)

લવ : આ ઘોડો અયોધ્યાના રાજા રામનો છે. આ ઘોડો જે પ્રદેશમાંથી પસાર થશે તે પ્રદેશ જીતેલો ગણાશે, જે કોઇને આ વાત મંજુર ન હોય, તો તેણે રાજા રામની સેના સાથે યુધ્ધ કરવું પડશે. (આ સંદેશ વાંચી લવ ઘોડાને ઝાડ સાથે બાંધી દે છે અને પાછા સૌ બાળકો રમવા લાગે છે.)

સૈનિક : (હસે છે) આ બાળકોએ રમત રમતાં ઘોડો બાંધી દીધો લાગે છે લાવ તેને છોડાવું. (સૈનિક બાંધેલા ઘોડાને છોડાવા જાય છે. આ જોઇ લવ પોતાના ધનુષ્યબાણ ઉઠાવીને સૈનિકોને પડકાર ફેંકે છે.)

લવ : ખબરદાર! એ ઘોડાને છોડાવો હોય તો મારી સાથે યુધ્ધ કરો મને હરાવીને જ તમે આ ઘોડાને લઇ જઇ શકશો.

(સૈનિકો હસે છે.)

સૈનિક : બાળક, અમે તને પળવારમાં જ હરાવી દઇશું.

લવ : યુધ્ધ માટે તૈયાર થઇ જાઓ.

(લવ અને સૈનિકો વચ્ચે યુધ્ધ થાય છે)

સૈનિક : અરે! આ બાળક તો ખૂબ જ સરસ બાણવિદ્યા જાણે છે. આપણે તેની સામે લડવા આપણી બીજી સેનાની મદદ લેવી પડશે.

બીજો સૈનિક : ચાલો આપણે સેનાની બીજી ટુકડીને બોલાવી લાવીએ.

(સૈનિકો સેનાની બીજી ટુકડીને બોલાવવા દોડી જાય છે.)

(લવના મિત્રો)

બાળકો : ચાલો, આપણે કુશને બોલાવી લાવીએ.

(બાળકો કુશને બોલાવવા દોડી જાય છે.)

(કુશ તથા રામની સેના સ્ટેજ પર આવે છે. લવ કુશ તથા રામની સેના વચ્ચે યુધ્ધ થાય છે.)

સૈનિકો : આ બાળકો ખૂબ જ પરાક્રમી છે.

ભાગો... આપણે તેમની સામે જીતી શકીશું નહી, ભાગો...ભાગો...

(સૈનિકો ભાગી જાય છે. લવ કુશ હસે છે અને ઘોડાને ઘાસ ખવડાવે છે.)